*This Question Paper contains 8 printed pages.*
***(Sections - A, B, C & D)***

# 10 (G)

**(FEBRUARY - MARCH, 2026)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 80***

**સૂચનાઓ :**

1) સ્પષ્ટ વંચાય તેવું હસ્તલેખન જાળવવું.
2) આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગ A, B, C અને D છે. તથા 1 થી 54 પ્રશ્નો છે.
3) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. આંતરિક વિકલ્પો આપેલા છે.
4) પ્રશ્નની જમણી બાજુમાં અંક તેના ગુણ દર્શાવે છે.
5) સૂચના પ્રમાણે આકૃતિઓ સ્વચ્છ, સ્પષ્ટ અને પ્રમાણસર દોરવી.
6) નવો વિભાગ નવા પાના પર લખવો. પ્રશ્નોના જવાબ ક્રમમાં લખવા.
7) આકૃતિવાળા/ચાર્ટ પ્રશ્નોમાં દષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે અલગ પ્રશ્નો આપેલા છે. જેનું ખાસ ધ્યાન રાખવું આ પ્રશ્નો માત્ર દષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે જ છે.
8) પ્રશ્ન નં - 54(A) નકશાનો પ્રશ્ન સામાન્ય વિદ્યાર્થીઓ માટે ફરજિયાત છે. આ પ્રશ્નમાં દષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે 54(B) દર્શાવી પ્રશ્નો મૂકવામાં આવેલ છે.

## વિભાગ – A

**નીચે આપેલા 1 થી 24 પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો. (દરેકનો 1 ગુણ)** **[24]**

■ **યોગ્ય જોડકાં જોડો.** **[5]**

| | (A) | | (B) |
|---|---|---|---|
| 1) | તરણેતરનો મેળો | (A) | બનાસકાંઠા |
| 2) | મેરાયો નૃત્ય | (B) | સુરેન્દ્રનગર |
| 3) | ગીધ પરિયોજના | (C) | 1992 |
| 4) | માનવ ઉપયોગમાં આવેલ સૌપ્રથમ ધાતુ | (D) | 2004 |
| 5) | ઊર્જાનો મુખ્ય સ્ત્રોત | (E) | તાંબુ |
| | | (F) | સૂર્ય |

■ **નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.** **[5]**

6) અથર્વવેદમાં અનેક પ્રકારના કર્મકાંડો અને સંસ્કારોનું વર્ણન કરવામાં આવ્યું છે.

7) ચોલવંશની રાજધાની થંજાવુરમાં હતી.

8) હળવા, મધ્યમ ગતિના તથા ભારે વાહનોએ સામાન્ય રીતે સૌથી જમણી બાજુની લેનમાં જ વાહન ચલાવવું જોઈએ.

9) 'સબળા યોજના' અન્વયે દર વર્ષે કન્યાઓને વિનામૂલ્યે સાઈકલો આપવામાં આવે છે.

10) બંધારણની કલમ 17 અન્વયે અસ્પૃશ્યતા નાબૂદ કરવામાં આવી છે.

■ **નીચે આપેલી ખાલી જગ્યામાં યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પુરો.** **[5]**

11) ઈ.સ. ........... માં વન્યજીવોને લગતો કાયદો અમલમાં આવ્યો છે.

(1952, 1972, 1876)

12) વિશ્વધર્મ પરિષદ ........... શહેરમાં આયોજન કરવામાં આવ્યું હતું.

(શિકાગો, ન્યૂયોર્ક, જીનિવા)

13) ગુજરાતની કડાણા અને વણાકબોરી બહુહેતુક યોજના ........... નદી ઉપર બનાવવામાં આવેલ છે.

(તાપી, સાબરમતી, મહીસાગર)



મોબાઈલ એપ ડાઉનલોડ કરવા અહીં ક્લિક કરો.

14) .......... જળનો સૌથી વધુ ઉપયોગ સિંચાઈ માટે થાય છે.

(તળાવ, ભૂમિગત, નદી)

15) દિબ્રુગઢથી .......... ને જોડતો રેલમાર્ગ ભારતનો સૌથી લાંબો રેલમાર્ગ છે.

(બેંગ્લોર, ચેન્નઈ, કન્યાકુમારી)

■ **નીચેના પ્રશ્નોના આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો.** **[5]**

16) રાષ્ટ્રીય માનવ સંગ્રહાલય ભારતના કયા શહેરમાં આવેલું છે?

(A) કોલકાતા (B) મુંબઈ

(C) હૈદરાબાદ (D) ભોપાલ

17) વર્ગખંડમાં 'ખેત તલાવડી' વિશે વિદ્યાર્થીઓની ચર્ચા દરમ્યાન રજૂ થયેલું કયું વિધાન યોગ્ય છે?

(A) પરમ : તે વધુ વૃક્ષો વાવો આંદોલનનું મહત્ત્વનું અંગ છે.

(B) રાવી : તે ઉદ્યોગ માટે પાણીની પ્રાપ્તિનું મહત્ત્વનું સંસાધન છે.

(C) અનય : તે જમીનનું ધોવાણ વધારવાની આધુનિક તકનીક છે.

(D) મયંક : તે વૃષ્ટિ જળ સંચયની એક પદ્ધતિ છે.

18) પૃથ્વીના કેટલા ટકા ભાગમાં પાણી છે?

(A) 51% (B) 61%

(C) 71% (D) 81%

19) પ્રાથમિક ક્ષેત્રમાં નીચેનામાંથી કઈ પ્રવૃત્તિનો સમાવેશ થાય છે?

(A) શિક્ષણ (B) ઉદ્યોગ

(C) પશુપાલન (D) બેન્કિંગ

20) ભારે વાહન ચલાવવાનું લાઈસન્સ કેટલા વર્ષની ઉંમર પૂર્ણ થયા બાદ મળી શકે?

(A) 16

(B) 18

(C) 21

(D) 20

■ **નીચેના પ્રશ્નોના એક-બે શબ્દોમાં જવાબ લખો.** **[4]**

21) ગુજરાતમાં સૌથી મોટું બંદર ક્યું છે?

22) પરિવહન માર્ગમાં ક્યું પરિવહન સૌથી ઝડપી પરંતુ ખર્ચાળ છે?

23) કઈ આર્થિક પદ્ધતિને 'મુક્ત અર્થતંત્ર' તરીકે ઓળખવામાં આવે છે?

24) ક્યા દેશોની રાષ્ટ્રીય આવક નીચી જોવા મળે છે?

## વિભાગ - B

■ **નીચે આપેલા 25 થી 37 પ્રશ્નોના તેર (13) પ્રશ્નોમાંથી કોઈ પણ નવ (9) પ્રશ્નોના આશરે 15 થી 35 શબ્દોમાં જવાબ લખો. (દરેકના 2 ગુણ)** **[18]**

25) નેગ્રીટો (હબસી) પ્રજાની શારીરિક લાક્ષણિકતાઓ જણાવો.

26) સાંસ્કૃતિક વારસો એટલે શું? તેમા કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે?

27) અકીકકામ વિશે ટૂંકી માહિતી આપો.

28) 'કથક કરે સો કથક કહાવે' – વિધાન સમજાવો.

29) 'કાળા પેગોડા' તરીકે કયા મંદિરને ઓળખવામાં આવે છે? તેના વિશે લખો.

30) ખજૂરાહોના મંદિરો વિશે ટૂંકમાં માહિતી આપો.

31) નિર્વનીકરણની અસરો જણાવો.

32) પારિભાષિક શબ્દોના અર્થ આપો.

i) ગેલેના

ii) બાયોગેસ

33) લોખંડની કાચીધાતુના પ્રકારોના નામ જણાવો.

34) મને ઓળખો:

i) 'ડેનિમ સીટી ઑફ ઈન્ડિયા' -

ii) 'સિલિકોન વેલી'

35) પર્યાવરણીય અતિક્રમણને રોકવાના ઉપાયો લખો.

36) આતંકવાદની સામાજિક અસરો જણાવો.

37) આતંકવાદ અને બળવાખોરી વચ્ચેનો તફાવત સમજાવો.

## વિભાગ – C

■ **નીચે આપેલા 38 થી 46 પ્રશ્નોના નવ (9) પ્રશ્નોમાંથી કોઈ પણ છ (6) પ્રશ્નોના આશરે 60 થી 80 શબ્દોમાં મુદ્દાસર જવાબ લખો. (દરેકના 3 ગુણ)** **[18]**

38) લોથલ વિશે ટૂંકનોંધ લખો.

39) ગુજરાતની સ્થાપત્યકલામાં મંદિરો અને ગુજરાતની વાવો વિશે માહિતી આપો.

40) પ્રસિદ્ધ બૌદ્ધ વિદ્વાનો સ્થિરમતિ અને ગુણમતિ કઈ પ્રાચીન વિદ્યાપીઠના આચાર્યો હતા? એ વિદ્યાપીઠનું વર્ણન કરો.

41) કાળી જમીન વિશે નોંધ લખો.

42) જમીન ધોવાણ એટલે શું? જમીન ધોવાણ અટકાવવાના ઉપાયો જણાવો.

43) આર્થિક ઉદારીકરણ એટલે શું? આર્થિક ઉદારીકરણના લાભા-લાભ લખો.

44) એક ગ્રાહક તરીકે તમારી કઈ કઈ ફરજો છે? તેના વિશે લખો.

45) ગ્રાહકોનું શોષણ થવાના કારણો જણાવો.

46) ગુજરાત સરકારે મહિલા સમાનતા માટે કઈ કઈ યોજનાઓ અમલમાં મૂકેલ છે? સમજાવો.

## વિભાગ - D

■ **નીચે આપેલા 47 થી 53 પ્રશ્નોના સાત (7) પ્રશ્નોમાંથી કોઈ પણ ચાર (4) પ્રશ્નોના આશરે 120 થી 150 શબ્દોમાં જવાબ લખો. અને પ્રશ્ન નંબર - 54 નકશો ફરજિયાત છે. (દરેકના 4 ગુણ) [20]**

47) 'રસાયણશાસ્ત્ર એક પ્રયોગાત્મક વિજ્ઞાન છે' - સવિસ્તાર સમજાવો.

48) પ્રાચીન ભારતે ગણિતશાસ્ત્રમાં સાધેલ પ્રગતિ વિશે નોંધ લખો.

49) ભારતમાં કૃષિક્ષેત્રે આવેલા ટેક્‌નિકલ સુધારાઓ જણાવો.

50) જૈવિક ખેતી તરફનું વલણ શા માટે વધી રહ્યું છે?

51) ગરીબી એટલે શું? ગરીબી રેખા હેઠળ જીવતા લોકોના લક્ષણો જણાવો.

52) ટૂંકનોંધ લખો - વિશ્વ શ્રમબજાર

53) દિવ્યાંગ વિદ્યાર્થીઓને સરકાર તરફથી મળતી વિશિષ્ટ સુવિધાઓ વર્ણવો.

**54) (A) આ પ્રશ્ન ફક્ત સામાન્ય વિદ્યાર્થીઓ માટે છે.**

ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતો આપેલા નકશામાં યોગ્ય સંજ્ઞાઓ વડે યોગ્ય સ્થાને દર્શાવો :

(1) રાતી (લાલ) જમીન

(2) કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાન

(3) શણ ઉત્પાદન કરતો એક પ્રદેશ

(4) લોખંડ-પોલાદ ઉદ્યોગનું એક કેન્દ્ર - ભદ્રાવતી

**54) (B) આ પ્રશ્ન ફક્ત દષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે છે.**

(1) રાતી (લાલ) જમીન ક્યા રાજ્યમાં આવેલી છે?

(2) કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાન ક્યા રાજ્યમાં આવેલું છે?

(3) શણ ઉત્પાદન કરતા એક રાજ્યનું નામ જણાવો.

(4) ભદ્રાવતી લોખંડ-પોલાદ ઉદ્યોગનું કેન્દ્ર ક્યા રાજ્યમાં આવેલું છે?